eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 166
October 24, 2008

## બેટી બચાવો અભિયાન



ગુજરાત સરકારશ્રી ધ્વારા તા. તા. ૧૪–૧૦–૦૮ થી તા. ૨૦–૧૦–૦૮ સુધી "બેટી બચાવો અભિયાન જનજાગૃતિ સપ્તાહ" ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા જિલ્લા પંચાયત સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૬–૧૦–૦૮ ના રોજ સવારે ૯.૩૦ કલાકે ગાંધીસ્મારક, ગાંધીબાગ, ચોક સુરત ખાતે "બેટી બચાવો જનજાગૃતિ અભિયાન" અંતર્ગત એક રેલીનું આયોજન કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન (ઉધના) ની કામગીરી

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં ડે મ્યુ. કમિશનરશ્રી (જન) મહેશસીંગ સાહેબ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી કે. એસ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૫ /૧૦/૨૦૦૮ ના રોજ બમરોલી ના બ્લોક નં. ૨૭૪ પ્રકીમાં આવેલ તુલસી નગર સોસાયટીના 'કોમન સ્પેસ' મા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

તા. ૨૦/૧૦/૨૦૦૮ ના રોજ નોર્થઝોન (કતારગામ) ના પાણી ખાતા ધ્વારા કતારગામ વિસ્તારમાં કાંસાનગર તળાવ પાસે આવેલ રોનીકા રેસ્ટોરન્ટના ગેરકાયદેસર નળ કનેકશન અંગે મળેલ ફરિયાદ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સલામતી પગલાની માર્ગદર્શિકા–૨૦૦૮ ની વિમોચનવિધિ

કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય ધ્વારા અને ૨૦૦૮ના વર્ષને "ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ" ના વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ. જેનો અમલ રાજય સરકાર ધ્વારા પણ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા હસ્તક પ્રાથમિક સુવિધાના વિવિધ સિવિલ કામો તથા ડ્રેનેજ વિભાગ, રસ્તા વિભાગ, સ્ટ્રીટ લાઈટ, વોટર વર્કસ, બ્રીજ બિલ્ડીંગ વિગેરે વિભાગો ધ્વારા પણ ખૂબ જ અગત્યના સિવિલ પ્રોજેકટોનાં કામો ચાલુ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાય વેરા વિભાગની કામગીરી

તા. ૦૧–૦૪–૨૦૦૮ થી સરકારીશ્રીના નાણાં વિભાગના જાહેરનામા ક્રમાંક : (GHN-9) PFT-2008-S.2(aa) (1)-TH:- તા. ૧–૪–૨૦૦૮ મુજબ સ્થાનિક સ્વરાજની સંસ્થાને વ્યવસાય વેરાની નોંધણી, રીન્યુ અને વસુલાત કરવાની સત્તા સોંપવામાં આવેલ હોય શહેર હદ વિસ્તારમાં આવેલ ઈ.સી. કરદાતા ઉપરાંત આર.સી. કરદાતાઓ પાસેથી વ્યવસાય વેરો વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૨૧/૧૦/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

# બેટી બચાવો અભિયાન



ગુજરાત સરકારશ્રી ધ્વારા તા. તા. ૧૪–૧૦–૦૮ થી તા. ૨૦–૧૦–૦૮ સુધી "બેટી બચાવો અભિયાન જનજાગૃતિ સપ્તાહ" ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તથા જિલ્લા પંચાયત સુરતના સંયુકત ઉપક્રમે તા.૧૬–૧૦–૦૮ ના રોજ સવારે ૯.૩૦ કલાકે ગાંધીસ્મારક, ગાંધીબાગ, ચોક સુરત ખાતે "બેટી બચાવો જનજાગૃતિ અભિયાન" અંતર્ગત એક રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં આરોગ્ય વિભાગના તમામ કર્મચારીગણ તથા સુરત શહેરની મહિલા કોલેજલના વિદ્યાર્થીઓ અને શહેરીજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. આ "બેટી બચાવો અભિયાન" રેલીમાં હાજર રહેલ તમામ મહાનુભાવો તથા શહેરીજનો ધ્વારા સ્ત્રીભ્રૃણ હત્યા અટકાવી બેટી બચાવવા શપથ લેવામાં આવેલ ત્યાર બાદ સુરત મહાનગરપાલિકાના મા. મેયરશ્રી રણજીતભાઈ ગિલીટવાલા તથા જિલ્લા પંચાયતના માનનીય પ્રમુખશ્રી, ભરતભાઈ રાઠોડના વરદહસ્તે લીલી ઝંડી બતાવી "બેટી બચાવો અભિયાન રેલી" નું પ્રસ્થાન ગાંધીસ્મારક, ગાંધીબાગ, ચોક સુરત ખાતેથી કરવામાં આવેલ. શહેરીજનો તરફથી આ રેલી દરમ્યાન ઘણો સારો પ્રતિસાદ મળેલ. આ રેલી દરમ્યાન બેટી બચાવોના પ્રચાર અર્થે જાહેરજનતામાં જાગૃતિ લાવવા માટે સાહિત્યનું વિતરણ કરવામાં આવેલ. અંતે ઉપરોકત રેલીનું સમાપન અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ.

TOP

## સાઉથઝોન (ઉધના) ની કામગીરી

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં ડે મ્યુ. કમિશનરશ્રી (જન) મહેશસીંગ સાહેબ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી કે. એસ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૫ /૧૦/૨૦૦૮ ના રોજ બમરોલી ના બ્લોક નં. ૨૭૪ પ્રકીમાં આવેલ તુલસી નગર સોસાયટીના 'કોમન સ્પેસ' માં આશરે ૩૦ ' × ૩૦' ( ૯૦૦.૦૦ ચો.ફુટ) ના માપ વિસ્તારમાં રહેઠાણ હેતુનું સ્લેબ લેવલ સુધીનું બાંધકામ કરી દેવામાં આવેલ હતું જે ઉધના ઝોન ના શહેર વિકાસના સ્ટાફ મારફત બીમ, કોલમ, ચણતર સહિત દૂર કરવામાં આવેલ છે.

TOP

# નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

તા. ૨૦/૧૦/૨૦૦૮ ના રોજ નોર્થઝોન (કતારગામ) ના પાણી ખાતા ધ્વારા કતારગામ વિસ્તારમાં કાંસાનગર તળાવ પાસે આવેલ રોનીકા રેસ્ટોરન્ટના ગેરકાયદેસર નળ કનેકશન અંગે મળેલ ફરિયાદ ૧૧ અનુસંધાને સ્થળ તપાસ કરી નળ કનેકશન તેમજ શ્રી દિલીપભાઈ મનસુખભાઈ વીરાણી સામે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

TOP

# સલામતી પગલાની માર્ગદર્શિકા–૨૦૦૮ ની વિમોચનવિધિ



કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય ધ્વારા અને ૨૦૦૮ના વર્ષને ''ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ'' ના વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરેલ. જેનો અમલ રાજય સરકાર ધ્વારા પણ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા હસ્તક પ્રાથમિક સુવિધાના વિવિધ સિવિલ કામો તથા ડ્રેનેજ વિભાગ, રસ્તા વિભાગ, સ્ટ્રીટ લાઈટ, વોટર વર્કસ, બ્રીજ બિલ્ડીંગ વિગેરે વિભાગો ધ્વારા પણ ખૂબ જ અગત્યના સિવિલ પ્રોજેકટોનાં કામો ચાલુ છે. તેમાં કામ કરતા કામદારો, સુપરવાઝરો ની સલામતીના પગલા લેવા ખૂબ જ જરૂરી હોય છે. આવી કામગીરીમાં રોકાયેલા કામદારો, કર્મચારીઓ, તથા નજીકનાં વિસ્તારનાં નાગરિકોને તથા પર્યાવરણને સુરક્ષિત રાખવા સને ૨૦૦૮નાં વર્ષમાં સુરત મહાનગરપાલિકાએ પોતાની રાહે એક અદતન સરળ અને માહિતી સભર ''સલામતી પગલાની માર્ગદર્શિકા– ૨૦૦૮'' તૈયાર કરવાનું બીડું ઝડપેલ. જે મુજબ સુરત મહાનગરપાલિકા તરફથી એક સુંદર માર્ગદર્શિકા. કમિશનરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ.

''સલામતી પગલાની માર્ગદર્શિકા'' તૈયાર કરવાની સુરત મહાનગરપાલિકાની આ કામગીરીની સાથે જ. સુરત મહાનગરપાલિકાનાં આ પ્રયાસને સફળતા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી – ગુજરાત રાજય, મા. મંત્રીશ્રી – પાણી પુરવઠા. જળ સંપત્તિ ( કલ્પસર પ્રભાગ સિવાય) અને શહેર વિકાસ અને ગૃહ નિર્માણ, ગુજરાત સરકાર ધ્વારા તથા મા. મેયરશ્રી સુરત મહાનગરપાલિકા, ડાયરેકટર જનરલ – નેશનલ સેફટી કાઉન્સીલ મુંબઈ, પ્રમુખશ્રી – ગુજરાત સેફટી કાઉન્સીલ, બરોડા તથા જોઈટ ડાયરેકટર ઈનડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, સુરત ધ્વારા શુભેચ્છા સંદેશાઓ આપી આ કામગીરને બિરદાવેલ છે.

સુરત મહાનગરપાલિકાનાં તમામ ક્ષેત્રો માં તમામ વર્ગના કર્મચારીઓને આ માર્ગદર્શિકનું વિતરણ કરવા માટે તથા તેનો અમલ કરવા માટે તા . ૨૦ /૧૦/૨૦૦૮ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સુરત માનગરપાલિકાનાં મા. મેયરશ્રી રણજીતભાઈ ગિલીટવાલાનાં વરદહસ્તે આ પુસ્તિકાનાં વિમોચન અંગે એક જાહેર સમારંભ, સરદાર ખંડ, સુરત મહાનગરપાલિકાની કચેરીએ યોજવામાં આવેલ. આ સમારંભમાં કમિશનરશ્રી તમામ પદાધિકારી ગણ તથા આમંત્રિતોમાં જોઈટ ડાયરેકટર– ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, રીલાયન્સ ઈન્ડટ્રીઝ હજીરાના વાઈસ પ્રસીડન્ટ સેફટી હાજર રહેલ હતા. વધુમાં સમારંભમાં બહોળી સંખ્યામાં વિભાગીય વડાઓ , અધિકારીઓ, સહિત કર્મચારીઓ હાજર રહેલ.

સમારંભમાં આ વિષયનાં તજજ્ઞો ધ્વારા કામગીરી દરમ્યાન સલામતી દરમ્યાન સલામતી માટેની કાયદાકીય જોગવાઈઓ, ગુજરાતમાં સલામતી અંગેના અમલો તથા સલામતીની માર્ગદર્શિકાની અગત્યતા સંબધી યોગ્ય છછછણાવટ થયેલ.

મા. મેયરશ્રી ધ્વારા ''સલામતી પગલાની માર્ગદર્શિકા'' –૨૦૦૮ની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ અને જેને સુરત મહાનગર પાલિકામાં અમલમાં મુકવામાં આવેલ.

**TOP**

## વ્યવસાય વેરા વિભાગની કામગીરી

તા. ૦૧–૦૪–૨૦૦૮ થી સરકારીશ્રીના નાણાં વિભાગના જાહેરનામા ક્રમાંક : (GHN-9) PFT-2008-S.2(aa) (1)-TH:- તા. ૧–૪–૨૦૦૮ મુજબ સ્થાનિક સ્વરાજની સંસ્થાને વ્યવસાય વેરાની નોંધણી, રીન્યુ અને વસુલાત કરવાની સત્તા સોંપવામાં આવેલ હોય શહેર હદ વિસ્તારમાં આવેલ ઈ.સી. કરદાતા ઉપરાંત આર.સી. કરદાતાઓ પાસેથી વ્યવસાય વેરો વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં જુના આર.સી.કરદાતાઓ પાસેથી વેરો વસુલ કરવા અને નવા આર.સી. કરદાતાઓ શોધવાની કામગીરી મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવી રહી છે.વ્યવસાયવેરા ભરપાઈ કરવાની અંતિમ તા. ૩૦/૦૯/૨૦૦૮ હતી. તેમ છતાં ઘણા કરદાતાઓ આ સમય દરમ્યાન વ્યવાસયવેરો ભરપાઈ કરી શકેલ નહીં. આવા બાકી રહેલ કરદાતાઓ માટે સુરત મહાનગરપાલિકાએ તમામ ઝોન ઓફિસો ઉપર વારાફરતી વ્યવસાય વેરા વસુલાત અંગેનો ખાસ કેમ્પનું આયોજન કરી વસુલાત ઝુંબેશ આદરેલી હતી. આ ઝુંબેશ દરમ્યાન વ્યવસાયવેરાની નીચે જણાવેલ મુજબની વસુલાત કરવામાં આવેલ છે.

| ક્રમ | ઝોનનું નામ | કેમ્પની તારીખ | કેમ્પ દરમ્યાન ઝોનની વસુલાત | કેમ્પની તારીખે તમમામ ઝોનની વસુલાત |
|---|---|---|---|---|
| 1 | નોર્થ ઝોન | 06-10-2008 | 6,32,760/- | 39,77,535/- |
| 2 | સેન્ટ્રલ ઝોન | 07-10-2008 | 9,40,620/- | 22,15,787/- |
| 3 | વેસ્ટ ઝોન | 08-10-2008 | 3,22,656/- | 22,91,866/- |
| 4 | સાઉથ ઈસ્ટ ઝોન | 10-10-2008 | 4,67,030/- | 24,11,520/- |
| 5 | સાઉથ ઝોન | 13-10-2008 | 22,00,400/- | 37,36,222/- |
| 6 | સાઉથ વેસ્ટ ઝોન | 15-10-2008 | 8,70,255/- | 24,80,905/- |
| 7 | ઈસ્ટ ઝોન | 16-10-2008 | 22,30,460/- | 37,56,860/- |
| | કુલ............ | | 76,64,181/- | 2,08,70,695/- |

તા. ૦૧/૧૦/૨૦૦૮ થી તા. ૧૬/૧૦/૨૦૦૮ દરમ્યાન મહાનગરપાલિકાએ રૂા. ૨,૮૨,૨૯,૬૦૫/– ની તથા તા ૦૧/૦૪/૨૦૦૮ થી તા. ૧૬/૧૦/૨૦૦૮ દરમ્યાન કુલ રૂા. ૧૪,૨૧,૬૮,૫૪૨/– ની વ્યવસાયવેરાની વસુલાત કરેલ છે. હજુ સુધી વ્યવસાયવેરાને પાત્ર જે કરદાતાઓને નોંધણી કરાવવાની બાકી હોય કે વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો બાકી હોય તેઓને લાગત ઝોન ઓફિસમાં ગુમાસ્તાધારા વિભાગ અથવા આકારણી અને વસુલાત અધિકકારી તથા મુગલીસરાની મુખ્ય કચેરીએ રૂમ નંબર –૭૦ માં કાર્યરત પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. ટૂંક સમયમાં મહાનગરપાલિકા ધ્વારા ડોર ટુ ડોર સર્ચ કરી બાકી કરદાતાઓ સામે મહેસુલી રાહે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એવું મહાનગરપાલિકાની એક યાદી જણાવે છે.

TOP

# નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૨૧/૧૦/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ વલ્લભનગર તરીકે ઓળખાતી સોસાયટીમાં ટી.પી. સ્કીમ નં.૩૫ (કતારગામ), આર–૧૮, ડિસ્ટ્રીક સેન્ટરના રીઝર્વેશનવાળી જગ્યામાં મિલ્કતદારો ધ્વારા ચણતરની દિવાલ તથા આર.સી.સી. કોલમ ભરી બીમ વડે ૨૧ ગાળાનું પ્લીન્થ સુધીનું કરેલ બાંધકકામ તથા એક ગાળામાં લીન્ટલ લેવલ સુધી કોલમ અને ચણતર વડે કરેલ બાંધકામ મળી આશરે ૧૦,૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP